

## શૈશવ સંગ શૈશવ...

સમયનું ક્યાં છે પૂર્ણ વિરામ... સમય તો છે અલ્પવિરામ... આ પંક્તિ આ તસ્વીર વિશે ઘણું કહી જાય છે. વડીલોનો વડલો અને આગળ પાછળ શૈશવનો કેકારવ ...કાકા સાહેબ કાલેલકરની વાતો યાદ કરાવે... ૧૯૮૨ના વર્ષના માઉન્ટ કાર્મેલ-સેન્ટ ઝેવિયર્સના પૂર્વ વિદ્યાર્થીઓ તાજેતરમાં ભેગા થયા હતા. ભેરુઓ સંગ... શિસ્ત, સંમયના સંસ્કારોનું સિંચન કરનાર ગંગાધરા જેવા શિક્ષકો... ક્લાસ ટીચર દિનાબેન ભટ્ટ, પૂર્વ પ્રિન્સીપાલ સિસ્ટર યુનીસીયા, હિન્દીના ટીચર કુંદનબેન દવે, વર્તમાન આચાર્યા સિસ્ટર રેણુકા... આ મેળાવડાની વિશેષતા પણ ક્લાસ રૂમ જેવી જ હતી. પ્રેયરથી લઈ 'લીડ કાઈન્ડલી લાઈટ'...ના કાવ્ય પાઠ સાથે સંસ્મરણોને સૌએ વાગોળ્યા હતા.


# ચિલોડામાં વાંદરાઓએ આતંક મચાવ્યો : પાંચને ઈજા

## વહેલી સવારે ત્રાટકેલા વાંદરાઓએ ધાબે સુઈ રહેલા ગ્રામવાસીઓને બચકા ભર્યા : એકને આઠ ટાંકા આવ્યા : વાંદરો કુદતા પડી ગયેલી એક મહિલાને માથામાં ઈજા

ચિલોડા, તા. ૨૭

ચિલોડામાં આજે વહેલી સવારે વાંદરાઓના ટોળાએ ભારે આંતક મચાવ્યો હતો અને ગરમીના કારણે મકાનના ધાબા પર સૂઈ રહેલા ગ્રામવાસીઓ પર હુમલો કરીને બચકા ભર્યા હતા અને ન્હોર માર્યા હતા. વાંદરાઓના આ આતંકને કારણે એક વ્યક્તિને આઠ ટાંકા આવ્યા હતા જ્યારે એક મહિલા સહિત અન્ય પાંચેક વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી.

વહેલી પરોઢે લગભગ છ વાગ્યાના સુમારે ચિલોડા ગામના પીંપળાવાળા વાસ અને પંચવટી સોસાયટીના વિસ્તારમાં અચાનક વાંદરાઓનું ટોળુ આવી ચઢ્યું હતું. હૂપાહૂપ કરતા આ વાંદરાઓ તોફાને ચઢ્યા હતા અને થોડીક વારમાં સમગ્ર વાતાવરણ ભયભીત કરી મુક્યુ હતુ.



આમતેમ ઠેકડા મારતા વાંદરાઓએ ધાબે સૂઈ રહેલા છનાજી ઠાકોર, મુકેશ જયંતિભાઈ ઠાકોર, દેવેન્દ્ર અમૃતભાઈ રાવળ અને એક પાણી ભરતી મહિલા પર હુમલો કર્યો હતો. આ વ્યક્તિઓને વાંદરાઓએ બચકા ભરી ઘાયલ કર્યા હતા. જેમાં દેવેન્દ્ર રાવળને પગમાં બચકુ ભરતા ખૂબ જ ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને સારવાર અર્થે તાત્કાલિક દવાખાને લઈ જવાયો હતો. તેને આઠ ટાંકા લેવા પડ્યા હતા. આ ઉપરાંત મુકેશ ઠાકોરને બરડાના ભાગે વાંદરાએ બચકુ ભરી લોહીલુહાણ કરી દીધા હતા. વહેલી સવારે પાણી ભરી રહેલી એક મહિલા પર વાંદરાએ કુદકો મારતા મહિલા પડી ગઈ હતી અને તેને માથાના ભાગે ઈજા થઈ હતી.

તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકના ખાનગી દવાખાને લઈ જવાયા હતા. ચિલોડામાં છેલ્લા કેટલાક સમયથી રોજ વહેલી સવારે આ વાંદરાઓનું ટોળુ નિયમિત રીતે આવીને ઉત્પાત મચાવે છે. પરંતુ આજે તો આ વાંદરાઓએ ગ્રામવાસીઓ પર હુમલો જ કરી દીધો હતો. ગામલોકોને ઈજાઓ ઉપરાંત વાંદરાઓએ મચાવેલા ઉત્પાતને કારણે ઘણી ચીજવસ્તુઓની તોડફોડ અને વેરણછેરણ કરીને પણ નુકશાન પહોંચાડ્યુ હતુ. વન ખાતા તરફથી તાકીદે આ વાંદરાઓના ટોળાને કાબુમાં લઈ અથવા પકડીને ગ્રામ વિસ્તારથી દૂર કરવામાં આવે તેવી ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે. જો સત્વરે વન વિભાગ તરફથી યોગ્ય પગલા લેવામાં નહિ આવે તો ભવિષ્યમાં કોઈ બાળક કે મહિલાનો જીવ વાંદરાઓના કારણે જોખમમાં મુકાશે તેવી ભીતિ સેવાઈ રહી છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

## પાલનપુરમાં ભરબજારે તલવારના ઘા ઝીંકી હુમલાખોરો ફરાર : એકને ઈજા

પાલનપુર, તા. ૨૭

પાલનપુર શહેરના રેલવે સ્ટેશન માર્ગ પર આવેલ હોટલ બેલીમની ગલી પાસે સમી સાંજે જીપ ચાલક પર બુકાનીધારી બાઈક સવારોએ તલવાર વડે હુમલો કરી ફરાર થઈ ગયા હતા જે ઘટનાને પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી.

દાંતીવાડા તાલુકાના નાની ભાખર ગામના વતની ત્રીસ વર્ષીય અમરસિંહ વાઘેલા તેના બનેવીની જીપ ચલાવી ગુજરાન ચલાવતા હતા. અને તેમના પરિવારમાં પાંચ વર્ષ અગાઉ ગામના જ ચેતનસિંહ વાઘેલાના કુટુંબ સાથે ઝગડો થયો હતો. તેની અંગત અદાવત રાખી મોકાનો લાભ લઈ ચેતનસિંહ અને અન્ય એક શખ્સ પાલનપુર આવી જીપ ચાલક અમરસિંહ પર ધારદાર તલવાર વડે ઘાતક હુમલો કરી લોહિયાળ ઈજાઓ પહોંચાડી હતી અને સ્થળ છોડી નાસી છુટ્યા હતા. આ મામલે પૂર્વ શહેર પોલીસ સ્ટેશનમાં જાણ થતા પોલીસે તુરંત જ ઘાયલ શખ્સને હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી હુમલાખોરોને પકડવા કવાયત હાથ ધરી છે.

# તલોદ તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડૂત ચિંતાતુર બન્યો : ધરતીનો ધણી રિસાણો

## લાખ્ખોનું બિયારણ નિષ્ફળ જતા ખેડૂતની હાલત કફોડી બની

તલોદ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં જૂન માસમાં વરસાદની ગણતરીથી ઠેર ઠેર વાવણી કરી દેતા ખેડૂતોએ લાખ્ખોનું બિયારણ એળે જતા હાલત કફોડી બની છે. વરસાદનો એક પણ છાંટો ના થતાં જાણે ધરતીનો ધણી રિસાઈ ગયો હોવાનું જણાઈ રહ્યું છે. તલોદ તાલુકામાં મોટા ભાગના ખેડૂતો દેવું કરીને ખેતી કરી રહ્યા છે. ત્યારે વરસાદ ખેંચાતા તેમનું મોઘું બિયારણ નિષ્ફળ જતા ફરી બિયારણની વાવણી કરવી પડે. તેથી ખેડૂતોની આર્થિક વધુ ખર્ચ થાય તેવી સંભાવના ઉભી થઈ છે. તો બીજી બાજુ વરસાદ ખેંચાવાના કારણે તલોદ તાલકાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની પણ અછત થવાના દિવસોની શરૂઆત થઈ ચુકી છે.

કેટલાક ખેડૂતો એમ જણાવી રહ્યું છે કે આવનારા એક સપ્તાહ સુધીમાં વરસાદ વરશે તેવી કોઈ સંભાવના દેખાતી નથી. જો આ બાબત સાચી પડે તો તલોદ તાલુકામાં કિશાનો માટે કફોડી પરિસ્થિતિનું સર્જન થાય એમ જણાઈ રહ્યુ છે. હાલ તલોદ તાલુકામાં અને સમસ્ત સાબરકાંઠા જિલ્લામાં પવનના સુસવાટા અને વાદળછાયુ વાતાવરણ હોવા છતાં મીટ માડેલા કિસાનો માટે વરસાદ વરસતો નથી.

ઉનાળાની ભયંકર ગરમીથી ત્રાસી ગયેલા અને જૂન માસ પૂર્ણ થવા છતાં વરસાદ ખેંચાતા તલોદ તાલુકાના ખેડૂતોની પરિસ્થિતિ કફોડી બની ગઈ છે. કેટલાક દિવસો પહેલા વરસાદના ઝાપટા પડી ધોધમાર વરસાદ થાય તેવી પરિસ્થિતિ ઉભી થતાં ખેડૂતોએ સમયસર વરસાદ આવશે તેવા આશયથી બિયારણ વાવી દિધુ હતુ. પરંતુ વરસાદ ખેંચાતા આ બિયારણ નિષ્ફળ જાય જાય એવી પરિસ્થિતિનું સર્જન થયું છે. તલોદ નગર અને સાબરકાંઠા જિલ્લામાં વારંવાર વાદળછાયા વાતાવરણના કારણે હમણા વરસાદ પડશે.. હમણા વરસાદ પડશે તેવી પરિસ્થિતિનું સર્જન થતા જાણે મેઘરાજા રિસાઈ ગયો હોય તેમ હાથતાળી આપી અલુપ્ત થઈ જાય છે. જેથી કિસાનોમાં નિરાશાનુ વાતાવરણ ફેલાઈ ગયું છે.

કેટલાક લોકો એમ કહી રહ્યા છે કે જૂન માસ કે અષાઢી બિજ પહેલા વરસાદ વરસે તેવી કોઈ પરિસ્થિતિ જણાતી નથી. જો આમ થાય તો સતત બીજી વાર મોઘુ બિયારણ નિષ્ફળ જવાની સંભાવના છે. અત્રે નોંધનીય છે કે ૧૫ જૂન સુધીમાં વરસાદનો પ્રારંભ થઈ જાય છે. પરંતુ જૂન પૂર્ણ થતાં વરસાદના એંધાણ નથી.




રસ્તા પર અવાર નવાર થતા અકસ્માતોને નિવારવા ટ્રાફિક પોલીસ દ્વારા શહેરમાં વારેવારે હોર્ડિંગ્સ લગાવી જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ મંગલ પ્રવેશ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સે. ૨૨ ખાતે આવેલા સ્થાનકવાસી જૈન ઉપાશ્રય ખાતે ગોંડલ સંપ્રદાયના બાલ બ્રહ્મચારી પૂ. હંસાબાઈ મહાસતીજી આદિઠાણા-૩ તા. ૨૯મી જૂન રવિવારે ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે. તેઓ સે. ૨૨ની આનંદવાટીકા સોસાયટીના પ્લોટ નં. ૧૭૪/બી આર.ડી. ગાંધીના નિવાસસ્થાનેથી વિહાર કરી ઉપાશ્રયમાં મંગલ પ્રવેશ કરશે. આ પ્રસંગે સ્થાનકવાસી જૈન સંઘના સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ અપાયું છે.

## રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા ૧લી જુલાઈએ રક્તદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ડીઅન મેડિકલ એસોસિએશન ગાંધીનગર, રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સ્ટડી સર્કલ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ડોક્ટર્સ ડે અને ચાર્ટડ એકાઉન્ટન્ટ ડે ની ઉજવણી નિમિત્તે ડોનેશન કેમ્પ યોજેલ છે. તા. ૧ લી જુલાઈના દિવસે રક્તદાન કેમ્પ રોટરી ક્લબ ઓફ ગાંધીનગર સંચાલિત ફિઝિયોથેરાપી સેન્ટર પંચદેવ મહાદેવ પાછળ સેક્ટર-૨૨ માં સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ સુધી રાખેલ છે. તેમ પ્રમુખ શ્રી રોટરી ક્લબ ઓફ ગાંધીનગરે જણાવેલ છે.

# સાબરકાંઠામાં પ્રાથમિક શાળાઓનો હાલનો સવારનો સમય લંબાવવા વાલીઓની માંગ

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષણ કાર્યનો સમય હાલ સવારનો છે. જે આગામી તા. ૧લી જુલાઈથી બપોરનો થશે. પરતુ હજુ જિલ્લામાં ગરમી અને બફારાનું પ્રમાણ યથાવત રહેતા થોડા દિવસ વધારે શાળાનો સમય સવારનો રાખવામાં આવે તેવી વાલીઓમાં વ્યાપક માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષણકાર્યનો સમય હાલ સવારનો છે. જે સમય આગામી ૧લી જુલાઈથી બપોરનો કરવામાં આવશે. પરંતુ જિલ્લામાં ગરમીનું પ્રમાણ યથાવત રહેતા લોકોને તાપ અને ગરમીથી કોઈ રાહત મળી નથી.

સામાન્ય રીતે આ સમયે પ્રતિ વર્ષ ચોમાસુ વરસાદ પડી જતો હોવાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જતી હોય છે. પરંતુ આ વર્ષે હજુ વરસાદ ખેંચાય એવી સ્થિતિ પેદા થઈ છે. અને નજીકના દિવસોમાં વરસાદની શક્યતાઓ નહિવત જણાય છે. જેને પગલે બપોરે શાળાએ જતા બાળકોને લૂ લાગવા ઉપરાંત ઝાડા કે તાવ જેવી બિમારીઓનો પણ ભોગ બને એવી શક્યતાઓ છે. ઘણી જગ્યાએ પીવાના પાણીની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેવી સંભાવનાઓ થી શકે છે. આમ નાના બાળકો માટે આવનાર દિવસોમાં ઉનાળાના બપોરનો સમય વર્ગખંડમાં સમુહમાં બેસીને અભ્યાસ કરવા માટે અનુકૂળ નથી. જેથી હાલનો સવારનો સમય થોડા દિવસો માટે યથાવત રાખવા વાલીઓમાં માંગ ઉઠવા પામી છે. વરસાદ પડે અને ગરમીનું પ્રમાણ ઘટે એવા સાનુકૂળ વાતાવરણની પ્રતિક્ષા સાથે આગામી સંભવિત પખવાડીયા માટે બાળકોના હિતમાં શાળાઓનો સમય સવારનો જ રાખવા જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા યોગ્ય નિર્ણય લેવાય એવી લોક લાગણી પ્રબળ બની છે.

## ખારી પ્રાથમીક શાળામાં નોટબુક વિતરણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા. ૨૬

ખારી પ્રાથમીક શાળામાં નોટબુક વિતરણનો કાર્યક્રમ યોજાયો. દિવ્ય જીવન સંઘ,અમદાવાદના ઉપક્રમે ગ્રામ્ય વિસ્તારના ગરીબ વિદ્યાર્થી બાળકોમાં શિક્ષણમાં રસ કેળવે તે હેતુસર વિના મુલ્યે ધોરણ.૫ થી ધોરણ.૮ ના વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું હતું.આ પ્રસંગે ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ પુર્વ સાંસદ સાબરકાંઠા,હરીભાઈ પટેલ, શંભુભાઈ પટેલ, બી.એન.ઢાઢી, કચરાભાઈ પટેલ,જયદેવભાઈ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. ખારી પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## શબ્દાવલી - ૫૪૩૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ |
| ૭ | | | | ■ | ૮ | | |
| | ■ | | ■ | ૯ | | | |
| ■ | ૧૦ | ■ | ૧૧ | ■ | ૧૨ | | |
| ૧૩ | | ૧૪ | ■ | ■ | ■ | ■ | ■ |
| ૧૫ | | | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | | |
| ૨૩ | | | ■ | ૨૪ | | | |

### આડી ચાવી

૧. સાતતાળી, એક રમત (૫)
૫. મહેંદી (૨)
૭. બીક, ડર (૪)
૮. ઘરેણું, ઝવેરાત (૩)
૯. લાવણ્યમય (૪)
૧૨. 'જતન' શબ્દ આડોઅવળો છે (૩)
૧૩. દિદાર, એકવારના દર્શન (૩)
૧૫. હરસ, મસાને લગતો રોગ (૪)
૧૭. સંપૂર્ણ, પુરૂ, હાઉસફુલ (૩)
૨૦. એક ઘાસ, આડખીલ (૨)
૨૧. જર્જરીત (૫)
૨૩. વિમાનની દોડપટ્ટી (૩)
૨૪. રાંધેલું અનાજ (૪)

### ઊભી ચાવી

૧. કાંકરી કે નાનો પથરો (૩)
૨. કમર, કેડ (૨)
૩. ઓડકાર (૩)
૪. સત્યાનાશ, ... વાળવો (૨)
૫. નાનમ (૪)
૬. અણસમજુ (૪)
૮. જોશ, જુસ્સો, જોમ (૩)
૧૦. એક મિઠાઇ (૫)
૧૩. ઝબકવું તે (૪)
૧૪. કંઇ જ, કોઇ વાતની (૨)
૧૬. ઋષિપંચમી એ મૃતક વ્યક્તિની પાંચમ કરાય તે (૨)
૧૭. હાથનું એક ઘરેણું (૩)
૧૮. પ્રાપ્ત થવા, મળવા (૩)
૧૯. પ્રિયતમ, સાથી (૩)
૨૨. જરૂરિયાત (૨)

### શબ્દાવલી ૫૪૩૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) આપઘાત (૫) ઘુઘરા (૬) ઘાલમેલ (૭) તટ (૮) નટખટ (૧૦) બાપા (૧૨) જવનિકા (૧૫) હેલન (૧૮) ટકટક (૨૦) વહેવાર (૨૧) તકાજો (૨૨) પતાવવું

**ઊભી ચાવી :-** (૧) આઘાત (૨) પલટવું (૩) ધામે (૪) તલ (૫) ઘુમટ (૮) નપાવટ (૯) ટચ (૧૦) બાજ (૧૧) કહેવત (૧૩) નિકટતા (૧૪) કાટ (૧૬) લહેકા (૧૭) નવાજો (૧૯) કડવું

## બેચલર ઓફ આર્કિટેક્ચરના એડમીશન માટે એડમીશન કમિટીનો છબરડો

ગાંધીનગર, તા. ૨૭

ચાલુ સાલ ડિપ્લોમા પાસ કરતા હજારો વિદ્યાર્થી એલીજીબલ હોવા છતાં ડિગ્રી આર્કિટેક્ચરના એડમીશનથી વંચિત રહેશે. એડમીશન કમિટીએ આર્કીટેક્ચરના એડમીશન માટે ઓનલાઈન રજીસ્ટ્રેશનની છેલ્લી તા. ૧-૭-૨૦૧૪ નક્કી કરી હોવા છતાં ડિપ્લોમાનું છેલ્લા વર્ષનું રીઝલ્ટ હજુ સુધી આવ્યું નથી અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જી.ટી.યુ.)ના ડાયરેક્ટર શ્રી નરેશ જાડેજાના જણાવ્યા પ્રમાણે તા. ૧-૭-૨૦૧૪ પહેલા ડિપ્લોમાનું છેલ્લા વર્ષનું રીઝલ્ટ આવવું શકય નથી. એ.સી.પી.સી.ની હેલ્પ લાઈનને પણ ડિપ્લોમાના રીઝલ્ટની તારીખ અંગે કોઈ જાણકારી નથી. એ.સી.પી.સી.એ પ્રેસનોટમાં જાહેર કર્યા પ્રમાણે ડીગ્રી આર્કીટેક્ચરના કોર્ષ માટે ડિપ્લોમા (૧૦+૩ પેટર્ન) એલીજીબલ છે. કેટલાય ડિપ્લોમા ના છેલ્લા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓએ નાટાની એક્ઝામ આપીને તેનો સ્કોર મેળવી લીધેલ છે. પરંતુ ડિપ્લોમાના રીઝલ્ટ વગર આવી નાટાની પરીક્ષા પાસ કરનાર અંદાજે ૨૫૭ જેટલા ડિપ્લોમા હોલ્ડર એલીજીબલ વિદ્યાર્થીઓ નાટાની એક્ઝામ આપી હોવા છતાં ડીગ્રી આર્કીટેક્ચરના એડમીશનથી વંચિત રહેશે. આર્કીટેક્ચર એડમીશન કમિટીએ ડિપ્લોમાના રીઝલ્ટની પરવા કર્યા વગર અણઘડ રીતે આર્કીટેક્ચરના એડમીશનના રજીસ્ટ્રેશનની વહેલી તારીખ જાહેર કરીને આવી નાટાની પાસ કરેલા વિદ્યાર્થીઓને અન્યાય કર્યો છે. એડમીશનના કમિટીના જમાવ્યા પ્રમાણે રજીસ્ટ્રેશનની તારીખ લંબાવવાની શક્યતા નથી અને ત્યારબાદ ડિપ્લોમા પાસ કરેલ કે જેઓએ નાટાની પરીક્ષા આપી છે તેવા વિદ્યાર્થીઓને આર્કીટેક્ચરમાં એડમીશન આપવું શક્ય નહીં બને. આમ એડમીશન કમિટી અને જી.ટી.યુ. વચ્ચેની વિસંગતતાના કારણે આવી નાટાની પાસ કરેલા વિદ્યાર્થી આર્કીટેક્ચરના એડમીશનથી વંચિત રહેશે.

## ઉનાવા ગામે ૨૦ હજારના કેબલ વાયરની ચોરી

ઊંઝા નજીક ઉનાવા ગામે ગ્રામ પંચાયત હસ્તકના ટ્યુબવેલની ઓરડીનો કોઈ તસ્કરો સ્ટાર્ટરથી એક્સલ સુધીનો ૩૫ એમ.એમ.નો ૭૦ ફૂટ કેબલ વાયર ચોરી કરી પલાયન થઈ ગયા હતા. અંદાજે રૂ. ૨૦હજારની કિંમતના વાયરની ચોરી થતા બનાવ અંગે ઊંઝા પોલીસ મથકમાં ગુનો નોંધી પોલીસે કેબલ ચોરોની શોધખોળ હાથ ધરી છે.

## ઊંઝામાં ગુનાના ભેદ ઉકેલવામાં પોલીસ તંત્ર નિષ્ફળ : પ્રજામાં રોષ

ઊંઝા, તા. ૨૭

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી મિલકત વિરૂદ્ધના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં લોકો ભય સાથે અસલામતિની લાગણી અનુભવી રહ્યા છે. આ વિસ્તારમાં વાહનચોરીઓના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. વધતી ગુનાખોરીને નાથવાના બદલે પોલીસ દફતરે વધુ ગુના ન નોંધાય તે માટે ફરિયાદો ઉઠી છે. આ વિસ્તારમાં તસ્કર રાજથી લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

ઊંઝા ખાતે વિસનગર રોડ પર આવેલ શિવશક્તિ સોસાયટીમાં રહેતા ડૉ. કૌશિકભાઈ બાબુભાઈ પટેલે રાત્રીના સમયે પોતાના મકાન પાસે સફારી મોટરકાર નં. જીજે-૨-એ-પી-૯૫૧૩ પાર્ક કરી હતી. તેની વહેલી સવારના સમયે કોઈ તસ્કરો ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ મોટરકારની કિંમત અંદાજે રૂપિયા પાંચ લાખ જેટલી થતી હોવાનું કહેવાય છે.

ઉપરોક્ત મોટરકારની ચોરી થતાં મોટરકારના માલિક ડૉક્ટર સવારના સમયે ઊંઝા પોલીસમથકે ફરિયાદ નોંધાવવા માટે ગયા હતા.

## નગરની પરિક્રમાએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રથયાત્રિકોને ઠંડી છાશ પીવડાવીને તેમનો થાક દૂર કરવા કોશીષ કરાશે. આ ઉપરાંત ભવનાથ જગન્નાથજીનું ફૂલહારથી ભવ્ય સ્વાગત કરાશે. આ માટે સમાજના પ્રમુખે સભ્યો તેમજ સેક્ટરના વસાહતીઓને હાજર રહેવા આહ્‌વાન કર્યુ છે.

આ રથયાત્રા દરમ્યાન લોકો ઉત્સવમાં એટલા મશગુલ થઈ જતા હોય છે કે વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને ભક્તો દ્વારા રથયાત્રાના માર્ગ પર આપવામાં આવતા પ્રસાદ, શરબત, આઈસ્ક્રીમ અને નાસ્તો વિગેરે આરોગ્યા પછી ગ્લાસ, કપ, ડીશો કે પાણીના પાઉચ વગેરે ગમે ત્યાં છુટા ફેંકીને ગંદકી પણ કરવામાં આવે છે. ભારત વિકાસ પરિષદ દ્વારા આવા રથયાત્રાના માર્ગ પર ગમે ત્યાં ફેંકી દેવાયેલા ગ્લાસ, કપ કે પાઉચ વિગેરેને વીણી લઈને 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના સંદેશ સાથે સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. ભારત વિકાસ પરિષદ દ્વારા આમ સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણીના સંદેશ સાથે રથયાત્રાની 'જરા હટકે' ઉજવણી કરવામાં આવનાર છે.

રથયાત્રાનું શહેરમાં ઠેર ઠેર વિવિધ સંસ્થાઓ અને નાગરિકો દ્વારા સ્વાગત કરાશે. તેમાં શહેરના મુસ્લિમ સમાજ દ્વારા પણ સેક્ટર-૨૯ના પ્રવેશદ્વારે સ્વાગત કરાશે અને મહંત ફુલશંકર શાસ્ત્રીજી તેમજ ધારાસભ્ય અશોક પટેલનું અભિવાદન કરવામાં આવશે. આ પ્રસંગે અનેક મુસ્લિમ આગેવાનો સહિત નાગરિકો ઉપસ્થિત રહી કોમી એખલાસની ભાવના સાથે એકતાનો સંદેશ આપશે.

અષાઢી બીજે સમગ્ર નગર ભગવાન જગન્નાથજીના રંગે રંગાઈ જશે અને દિવસભર સમગ્ર વાતાવરમ ભક્તિમય 'જય રણછોડ, માખણચોર'ના નારાઓ સાથે ગુંજી ઉઠશે. આ રથયાત્રા નિર્વિઘ્ને પાર પડે તે માટે અને સાથે નગર સહિત રાજ્યભરમાં મેઘરાજાની મહેર સત્વરે થાય તે માટે જગતના નાથ ભગવાન જગદીશને લોકો પ્રાર્થના પણ કરી રહ્યા છે.

## અર્બન બેંકની ચૂંટણીને લઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. બેન્કની સત્તા હાંસલ કરવા માટે ઉમેદવારો દ્વારા નગરના માર્ગો પર પોતાની પેનલના બેનરો, પોસ્ટરો અને હોર્ડિંગ્સોનો જમાવડો કરવામાં આવ્યો છે. ત્યારે ચૂંટણી નગરમાં છે પણ તેના નગારાનો અવાજ આજુબાજુમાંથી નગરમાં કામ અર્થે આવતા લોકોના કાન સુધી પણ પહોંચી રહ્યો છે.

લોકસભાની ચૂંટણીથી દેશમાં પ્રચાર કરવાની સિસ્ટમ બદલાઈ ગઈ છે. સોશ્યલ મીડિયાએ યુવા વર્ગને આકર્ષવાનું કામ કર્યું છે ત્યારે અર્બન બેન્કના ઉમેદવારો દ્વારા પણ સોશ્યલ મીડિયા પર પ્રચાર-પ્રસાર બુલેટ ગતિથી કરવામાં આવી રહ્યો છે. ફેસબુક અને વોટ્સએપ ઉમેદવારો માટે આશીર્વાદ સાબિત થઈ રહ્યા છે. દિવસ દરમિયાન ઉમેદવારો વોટ્સ એપ, ફેસબુક અને મેસેજના માધ્યમથી મતદારોને મનાવી રહ્યા છે.

ત્યારે રાત પડતા જ કાર્યાલય પર ધમધમાટ જોવા મળી રહ્યો છે. પરિવર્તન પેનલ અને વિકાસ પેનલ દ્વારા મતદારો માટે ચા-પાણી અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કાર્યાલય પર ઉમેદવારો જીત માટેની સ્ટ્રેટેજી ઘડી રહ્યા છે. મતદારો ચોમાસાના વાવાઝોડાની જેમ મતદાનની રાત્રે ફંગોળાઈ ન નાખે તેના માટે વિવિધ કમિટી બનાવી યોજનાને આખરી અંજામ આપવામાં આવી રહ્યો છે.

શહેરના શોપીંગમાં ઉમેદવારો દ્વારા પોતાના કાર્યકરો સાથે ડોર ટુ ડોર પ્રચાર અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મતદાનને આડે આંગળીના વેઢે ગણી શકાય તેટલા દિવસો બાકી છે ત્યારે નગરના વાતાવરણમાં બેવડો ગરમાવો જોવા મળી રહ્યો છે. ઉનાળાની ગરમી અને ચૂંટણીની ગરમીથી લોકો શેકાઈ રહ્યા છે. આ પ્રતિષ્ઠા ભર્યા જંગમાં નગરના ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને બિલ્ડરો ચૂંટણીમાં પોતાની શાખ દાવ પર મુકી છે. ત્યારે જોવાનું એ રહે છે કે પરિવર્તનનો પવન ફુંકાશે કે પછી વિકાસનો વિકાસ વાયુ વેગે થશે. તેનો તો પરિણામના દિવસે જ ખ્યાલ આવશે.

## સ્ટુડન્ટ કેડેટ્સ કોર્ષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને પોતે કોઈ ગુનાહિત પ્રવૃત્તિઓમાં ન જોડાઈ જાય તે ઉપરાંત પોલીસ તથા નાગરિકો વચ્ચે સેતુ બંધાય અને ભવિષ્યમાં બંને એકબીજાને મદદરૂપ બને તે તમામ હેતુસર આ કોર્ષ શરુ કરવામાં આવ્યો છે. ગૃહ વિભાગ દ્વારા એન.સી.સી સમકક્ષ કહી શકાય તેવા આ એસ.સી.સી કોર્ષ શરુ કરવા તમામ જિલ્લાઓમાં સુચના આપી છે. શાળા પસંદગી બાદ વિદ્યાર્થીઓને અઠવાડિયામાં ૮ કલાક પોલીસ દ્વારા પ્રશિક્ષણ આપી યોગ્ય માહિતી આપવામાં આવશે. આ કોર્ષ અંતર્ગત ગાંધીનગર જીલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશનના સીની.પી.એસ.આઈ એસ. જે. વાઘેલા દ્વારા ઉનાવા ગામની શાળાના ૩૦ જેટલા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

## ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે વહીવટીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જુલાઈના બીજા પખવાડિયાથી ડોર ટુ ડમ્પીંગનો પ્રોજેક્ટ કાર્યરત થશે. બે વર્ષ જેટલો સમય એજન્સી નિયત કરવામાં પસાર થયો છે.

ગાંધીનગર એ રાજ્યનું પાટનગર છે. અને મહાત્મા મંદિરમાં વારંવાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોનું આયોજન થાય છે તે નગરમાં જ સ્વચ્છતાના નામે ચાલતી મંદ કામગીરી ચર્ચાસ્પદ બની હતી.